કાન કાંકલડી ના મારો રે....

દાહોદ

લીમખેડા

સિંગવડ

સિંગવડ

» પંચમહાલ-દાહોદ જિલ્લામાં છઠ્ઠા નોરતે યુવતીઓ, મહિલાઓ અને નાના બાળકો તેમજ બાળાઓ વિવિધ સાંસ્કૃતિક પોશાકમાં સજ્જ થઇ ગરબે ઘૂમતા નજરે પડ્યા હતા. કોઇપણ જાતના થાક વિના અવિરત બે થી ત્રણ કલાક સુધી ગરબા મહોત્સવોમાં ગરબાના તાલે ઝુમી ઉઠેલા યુવાધન તેમજ દરેક ગરબા પ્રેમીઓના થનગનાટથી મેદાન શોભી રહેલુ જોવા મળે છે ત્યારે હજુ ત્રણ નોરતા બાકી છે ત્યારે ખેલૈયાઓ નવરાત્રિમાં મનમૂકીને શક્તિની આરાધના સાથે ગરબે ઘૂમશે.

દાહોદ

ગોધરા

સંક્ષિપ્ત સમાચાર

જાંબુઘોડા તાલુકા કક્ષાનુ બાળ વિજ્ઞાન પ્રદર્શન મસાબાર પ્રાથમિક શાળામાં યોજાયું

જાંબુઘોડા : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પંચમહાલ તથા જીલ્લા શિક્ષણ સમિતિ પંચમહાલ ગોધરા આયોજિત તાલુકા કક્ષા નુ રપમુ બાળ વિજ્ઞાન પ્રદર્શન મસાબાર પ્રાથમિક શાળા ખાતે યોજવા માં આવ્યુ જેમાં પંચમહાલ ભાજપા જિલ્લા મહા મંત્રી મયકંકુમાર દેસાઈ મામલતદાર વાય. સી. સોલંકી તાલુકા વિકાસ અધિકારી ડી. જી. લીમ્બાચીયા જિલ્લા પંચાયત સદસ્ય રમીલાબેન નાયક ખાંડીવાવ સરપંચ શંકરભાઇ સદસ્યો તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા આ કાર્યક્રમ માં મહેમાનોના હસ્તે દીપ પ્રાગટ્ય કરાવી સ્કુલની બાળાઓ દ્વારા પ્રાર્થના ગીત તેમજ મહેમાનોનુ સ્વાગત સ્વાગત ગીત તેમજ પુષ્પગુચ્છ થી કરવામાં આવ્યુ હતુ ત્યારબાદ મયકંકુમાર દેસાઈ ના હસ્તે રીબીન કાપી બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન ને ખુલ્લું મુકવામાં આવ્યુ હતુ જ્યારે આવેલા મહેમાનો એ પ્રદર્શન માં મુકવામાં આવેલી કૃતિઓ નિહાળી હતી.

દાહોદની નવજીવન સાયન્સ કોલેજમાં બહેનો માટે સેલ્ફ ડિફેન્સની બે દિવસીય કાર્યશાળાનું આયોજન

દાહોદ : શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સીટી, વિંઝોલ, ગોધરા સંલગ્ન દાહોદ અનાજ મહાજન સાર્વજનિક સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ના એન. એસ. એસ. એકમ 1 અને 2 દ્વારા યોદ્ધા માર્શલ આર્ટ્સ ઈન્સ્ટિટ્યૂટ, દાહોદ ના સહયોગથી બહેનો માટે સેલ્ફ ડિફેન્સની તા.07 અને 08 ઓક્ટોબર એમ બે દિવસીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું. દેશમાં જે પ્રમાણે બળાત્કાર અને મહિલાઓની છેડતીના બનાવો દીન પ્રતિદીન વધી રહ્યા છે તે જોતા લાગે છે કે હવે મહિલાઓ પોતે જ સ્વરક્ષણ કરી શકે એ હેતુથી આ બે દિવસીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું છે. યોદ્ધા માર્શલ આર્ટ્સ ઈન્સ્ટિટ્યૂટ, દાહોદ ના માસ્ટર ટ્રેનર શ્રી. રવીન્દ્રભાઈ ભગત અને મહિલા કોચ સિદ્ધિ ભગત દ્વારા બહેનોને ફીજીકલ-મેન્ટલી બન્ને રીતે સેલ્ફ ડિફેન્સની ટેક્નિક્સ શીખવામાં આવી હતી અને બહેનો તેમની પાસે માથાની પિન, કાર્ડ કે પેન જેવી વાસ્તુથી સેલ્ફ ડિફેન્સ કઈ રીતે કરી શકાય એ પણ શીખવામાં આવ્યું હતું.

લીમખેડાના પ્રતાપપુરા ગામે ટેન્કર-બાઇક વચ્ચે અકસ્માત સર્જાયો

ટેન્કર નીચે બાઈક દબાઈ જતા બે યુવકોના ઘટનાસ્થળે મોત થયાં

(પ્રતિનિધી) લીમખેડા, તા.૮

લીમખેડા તાલુકાના પ્રતાપપુરા ગામે એક ટેન્કરના ચાલકે મોટરસાઈકલ પર જઈ રહેલ બે આશાસ્પદ યુવકોને અડફેટમાં લેતાં બંન્ને યુવકોના ટેન્કરના નીચે આવી દબાઈ જતાં ઘટના સ્થળે કમકમાટી ભર્યા મોત નીપજતાં પંથકમાં ચકચાર મચી જવા પામી હતી.

ઘટનાને પગલે સ્થળ પર પરિવારજનો તેમજ ગ્રામજનો ઉમટી પડ્યાં હતાં. ઘટના સ્થળે પહોંચેલ પોલીસે બંન્ને યુવકોના મૃતદેહને લીમખેડા દવાખાને પીએમ માટે મોકલી દેવામાં આવ્યા હતાં છે.

ગત તા.૦૭મી ઓક્ટોમ્બરના રોજ લીમખેડાના પ્રતાપપુરા ગામેથી પસાર થતાં હાઈવે રોડ ઉપર યુ ટર્ન પાસે એક ટેન્કરના

ચાલકે પોતાના કબજાનું ટેન્કર પુરઝડપે તેમજ ગફલત ભરી રીતે હંકારી પસાર થઈ રહ્યો હતો ત્યારે ત્યાંથી મોટરસાઈકલ લઈ પસાર થઈ રહેલા ગરબાડાના નીમચ ગામે ગાળા ફળિયામાં રહેતાં ૨૪ વર્ષિય વિક્રમભાઈ ભારતસિંહ આમલીયાર અને તેમની સાથેના ૨૦ વર્ષિય સિધ્ધાર્થભાઈ વજેસીંગભાઈ મંડોડ આ બંન્ને આશાસ્પદ યુવકોને ટેન્કરના ચાલકે અડફેટમાં લઈ જોશભેર ટક્કર મારતાં બંન્ને યુવકો મોટરસાઈકલ પરથી ફંગોળાઈ ટેન્કરના ટાયર નીચે આવી જતાં બંન્ને યુવકોના ઘટના સ્થળ પર કમકમાટી ભર્યા મોત નીપજ્યાં હતાં.

ઘટનાને પગલે સ્થળ પર લોકટોળા ઉમટી પડ્યાં હતાં. આ અંગેની જાણ સ્થાનીક પોલીસને કરવામાં આવતાં પોલીસ કાફલો પણ ઘટના સ્થળે દોડી ગયો હતો. માર્ગ અકસ્મતા સર્જી ટેન્કરનો ચાલક પોતાના કબજાનું ટેન્કર સ્થળ પર મુકી નાસી ગયો હતો ત્યારે આ ઘટનાની જાણ ઉપરોક્ત બંન્ને મૃતક આશાસ્પદ યુવકોના પરિવારજનોને કરવામાં આવતાં તેઓ પણ તાબડતોળ ઘટના સ્થળે દોડી ગયાં હતાં. ઘટનાને પગલે ઉપરોક્ત બંન્ને આશાસ્પદ યુવકોના પરિવારજનોમાં ગમગીની છવાઈ હતી.

સિંગવડના વાઘનાળામાં વરસાદમાં ધોવાયેલા મકાનનો માલિક સરકારી સહાયથી વંચિત

(પ્રતિનિધી) સિંગવડ, તા.૮

સિંગવડ તાલુકાના વાઘનાળા ગામે ચોમાસામાં વરસાદમાં મકાન ધોવાઈ જતા તે મકાન માલિકને આજ દિન સુધી સરકારી સહાય આપવામાં આવી નથી સિંગવડ તાલુકાના વાઘનાળા ગામે ડેમ ફળિયામાં રહેતા પંકજભાઈ મનુભાઈ બારીયા નું કાચું મકાન ચોમાસામાં વધારે વરસાદ વરસતા પંકજભાઈ નું મકાન આખું તૂટી જવા પામ્યું હતું જ્યારે આ મકાન વરસાદના લીધે થયેલા નુકસાનના લીધે પંકજભાઈ દ્વારા તાલુકા પંચાયત સિંગવડ ખાતે તેમનું મકાન પડ્યું એનું ફોર્મ જમા કરાવી જાણ કરી દેવામાં આવ્યા પછી પણ આ મકાન માલિકને આજ દિન સુધી મકાન પડ્યાના સરકારમાંથી મળતી સહાયના નાણાં ચૂકવવામાં નથી આવ્યા જેના લીધે મકાન માલિક ની પરિસ્થિતિ કફોડી બની છે જ્યારે સરકાર દ્વારા જે પણ મકાન

વરસાદના લીધે પડી ગયેલા તેમને તાત્કાલિક ધોરણે સહાય ચૂકવવામાં આવતી હોય તો પછી વાઘ નળા ગામના પંકજભાઈ ના મકાન પડ્યું તેના સહાયના રૂપિયા અત્યાર સુધી સરકારમાંથી ચુકવવામાં કેમ નથી આવ્યા તે ચર્ચાનો વિષય બનવા પામ્યો છે

જ્યારે સરકારમાં તૈયારીમાં આ મકાન પડયા ની જાણ કરી દેવામાં આવ્યા છતાં તેને સરકારમાંથી મળતી સહાય નથી મળી તો તે ક્યારે મળશે ? મળશે ખરી ? કે પછી પંકજભાઈ આવા ખુલ્લા મકાનમાં રહેવાનો વારો આવશે કે પછી પંકજભાઈ ને જાતે મકાન બાંધવા માટે મજબુર થવું પડશે.

દાહોદ પાલિકાની ટીમ દ્વારા દબાણો દૂર કરાયા

(પ્રતિનિધી) દાહોદ, તા.૮

તહેવારોના પ્રારંભ સાથે દાહોદ શહેરમાં હાલ નવરાત્રીના આગમનને પગલે દાહોદ શહેર વહીવટી તંત્ર દ્વારા કેટલીક કામગીરીઓનો આરંભ કરી દેવામાં આવ્યો છે જેમાં રસ્તાઓ બનાવવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે

ત્યારે દાહોદ નગરપાલિકા દ્વારા ગતરોજ દાહોદ શહેરમાં લારી, ગલ્લા વિગેરે જેવા દબાણોને દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. દાહોદ શહેરના સ્ટેશન રોડ તરફ આવેલ બિરસા મુંડા સર્કલ તરફ આવા દબાણા કર્તાઓને દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

દાહોદ નગરપાલિકા દ્વારા પોલીસને સાથે રાખી દબાણો દુર કરવામાં આવ્યાં હતાં. આ દબામ કામગીરી ટ્રાફિકની સમસ્યાને પગલે દુર કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

દાહોદમાં લૂટ વીથ મર્ડરના ગુનામાં ભાગતો આરોપી ઝડપાયો

(પ્રતિનિધી) દાહોદ, તા.૮

દાહોદ એસઓજી પોલીસને મળેલ બાતમીના આધારે વર્ષ ૨૦૦૧માં દાહોદ તાલુકામાં લુંટ વીથ મર્ડરનો ગુન્હો બન્યો હતો અને આ ગુન્હાનો આરોપી છેલ્લા ૨૩ વર્ષથી નાસતો ફરતો હતો ત્યારે બનાવની ગંભીરતાને ધ્યાનમાં લઈ દાહોદ એસઓજી પોલીસે તપાસનો ધમધમાટ આરંભ કર્યો હતો જેમાં પોલીસને મળેલ બાતમીના આધારે આ ગુન્હાનો આરોપી માલાભાઈ નરસીંગભાઈ ડામોર (રહે.માતવા, ડામોર ફળિયું, તા.જિ.દાહોદ)નો અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના રમોસ ગામે પોતાનું સાચુ નામ બદલીને ભાવસિંગ નામ ધારણ કરી રમોસ ગામે મજુરી કામ કરી રહેતો હોવાની પોલીસને ગુપ્ત બાતમી મળી હતી. દાહોદ એસઓજી પોલીસે આરોપીને ઝડપી કાર્યવાહી હાથ ધરી છે.

મોરવાહડફથી 108 લઈને ભાગેલા આરોપીને ઝાલોદથી ઝડપ્યો

(પ્રતિનિધી) દાહોદ, તા.૮

મોરવા હડફની ૧૦૮ એમ્બ્યુલન્સ લઈ તેનો ચાલક એક હોસ્પિટલમા કામ અર્થે રોકાયો હતો ત્યારે ૧૦૮ એમ્બ્યુલન્સમાં ચાલક દ્વારા એમ્બ્યુલન્સમાં ગાડીની ચાવી લગાવેલી રહી ગઈ હતી તે દરમિયાન એક અજાણ્યા યુવક એમ્બ્યુલન્સમાં ચાવી લાગેલ જોઈ એમ્બ્યુલન્સ હંકારી લઈ ગયેલ હતો. તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સના ચાલક દ્વારા પોલિસ તંત્રનો સંપર્ક સાધતા મોરવા હડફ પોલિસ એક્શન મોડ પર આવી તાત્કાલિક આગળની પોલિસ ચોકીઓ પર સંપર્ક કરી ૧૦૮ એમ્બ્યુલન્સ લઈ જનાર ચાલકને પકડી પાડવાના ચક્રો ગતિમાન કર્યા હતા.

આ ૧૦૮ એમ્બ્યુલન્સ સુખસર પોલીસ રેન્જ બહાર જતા તેમણે ઝાલોદ પોલીસ સ્ટેશનનો સંપર્ક કર્યો હતો તાત્કાલિક ઝાલોદ પોલિસ દ્વારા ૧૦૮ એમ્બ્યુલન્સ પકડી પાડવા માટે પોલિસ ટીમ તૈયાર કરી હતી ત્યારે બાતમી વાળી ૧૦૮ એમ્બ્યુલન્સ કલજીની સરસવાણી પાસે આવેલ વેલપુરા ગામની પાસે થી ઝડપી પાડી હતી. ઝાલોદ પોલિસ દ્વારા તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને ચાલક સાથે પકડી પાડી પોલિસ સ્ટેશનમાં લઈ જવામાં આવેલ હતા.

ત્યારબાદ મોરવા હડફ પોલિસ ઝાલોદ પોલિસ સ્ટેશને આવી ૧૦૮ એમ્બ્યુલન્સ અને ચાલકને લઈ મોરવા હડફ લઈ ગયેલ હતા. આ બનાવમાં ચાલક ખરેખર અસ્થિર દિમાગનો છે કે જાણીને આવું કૃત્ય કરેલ છે તે તપાસ માટે મોરવા હડફ પોલિસ દ્વારા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

સાયબર ક્રાઇમે એક આરોપીને સુરેન્દ્રનગર અને બીજાને પાટણથી દબોચ્યો

દાહોદ જિલ્લામાં બે યુવતીઓના અશ્લીલ ફોટા વાયરલ કરનાર બે આરોપી ઝડપાયા

(પ્રતિનિધી) દાહોદ, તા.૮

દાહોદ જિલ્લામાં યુવતીના અશ્લીલ ફોટા સોશીયલ મીડીયામાં વાઈરલ કરતાં યુવતી દ્વારા આ મામલે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાંવી હતી. બનાવની ગંભીરતાને ધ્યાનમાં લઈ દાહોદ જિલ્લા પોલીસ વડાની સુચના અને માર્ગદર્શન હેઠળ સાઈબર ક્રાઈમ પોલીસ, દાહોદ દ્વારા આ કેસમાં તપાસનો ધમધમાટ આરંભ કર્યો હતો જેમાં આ કેસમાં આરોપી બાબુભાઈ સડીયાભાઈ ભેદી (રહે.થાળા, કાચલા ફળિયું, તા.ઝાલોદ, જિ.દાહોદ) નાએ સોશીયલ મીડીયાના ઈન્ટાગ્રામ પર ફેક આઈડી બનાવી તેમાં પ્રોફાઈલ ઉપર દાહોદ જિલ્લાની એક યુવતીનો ફોટો મુકી તેમજ અશ્લીલ ફોટા,વીડીયો અપલોડ કરી યુવતીની પ્રતિષ્ઠાને લાંછન લગાડી તેમજ માનસિક રીતે પરેશાન કરવામાં આવી હતી. બનાવની ગંભીરતાને ધ્યાનમાં લઈ સાયબર ક્રાઈમ પોલીસ, દાહોદ દ્વારા ટીમ બનાવી આ કેસનો વર્ક આઉટ કરી ટેકનીકલ માધ્યમથી તપાસ કરતાં આરોપી બાબુભાઈ સડીયાભાઈ ભેદી અમદાવાદ ખાતે હોવાની પોલીસને બાતમી મળી હતી. ત્યારે તપાસના આધારે ઉપરોક્ત આરોપીને પોલીસે સુરેન્દ્રનગર ખાતે હોવાનું જાણવા મળતાં પોલીસે ઉપરોક્ત આરોપીને સુરેન્દ્રનગર ખાતેથી ઝડપી પાડી દાહોદ પોલીસ મથકે લઈ આવ્યો હતો. જ્યારે બીજા બનાવમાં પણ થોડા દિવસો પહેલાં દાહોદ જિલ્લાની એક પરણિતાના અશ્લિલ ફોટા તથા વિડીયો કોલના સ્ક્રીન શોટ પરણિતાની જાણ બહાર લઈ યુવતીના પતિને મોકલી પરણિતાની પ્રતિષ્ઠાને લાંછન લગાડી તેમજ માનસિક રીતે પરેશાન કરતાં આ સંબંધે પરણિતા દ્વારા આ મામલે સાઈબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાંવી હતી. બનાવની ગંભીરતાને ધ્યાનમાં લઈ સાઈબર ક્રાઈમ પોલીસ, દાહોદ દ્વારા તપાસનો ધમધમાટ આરંભ કરી પોલીસે આ કેસનું વર્ક આઉટ કરી ટેકનીકલ માધ્યમથી તપાસ કરતાં આરોપી દિલીપભાઈ શનુભાઈ નિનામા ખાનપુર ખાતે હોવાની પોલીસને બાતમી મળતાં આરોપીને પાટણ ખાતેથી ઝડપી પાડવામાં આવ્યો હતો.